CRMA J NO.433/2025
A.C.J.M. Olpad

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૧૪/૦૮/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખઃ | ૧૪/૦૮/૨૦૨૫ | | |
| ફેસલ તારીખઃ | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૨૩ |

**મહેરબાન ઓલપાડના એડિશ્નલ સીનીયર સીવીલ જજ અને એડિશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૩૩/૨૦૨૫**
**આંક–**

અરજદારઃ પટેલ રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્ની
ઉ.આ.વ. ૭૩, ધંધોઃઘરકામ,
રહે. બ્રાહ્મણ ફળીયુ, કઠોદરા, તા.કામરેજ જી.સુરત.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ શ્રી પી.કે. દેસાઈ વિદ્યાલય, કીમ, સુરત.

**<u>વિષયઃ</u> <u>ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ની કલમ–૧૨ (એ) મુજબ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમાં સુધારો કરવા બાબત.</u>**

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી ડી.એમ.પરમાર/બી.બી.પટેલ |

**–:: ઠરાવ ::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર આ કામના સામાવાળાની શાળામાં ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ

છે. જે અંગે શાળામાં જી.આર.નં.૧૩૬૯ તથા સીરીયલ નં.૧૯૪ થી નોંધણી કરવામાં આવેલ છે. જે અંગે શાળા તરફથી આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અલગ લીસ્ટથી રજુ કરેલ છે. વધુમાં જાહેર કરેલ છે કે, અરજદારનું સાચુ અને ખરૂ નામ રેખાબેન છે પરંતુ શાળા તરફથી આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમા વિદ્યાર્થીના નામવાળી કોલમમાં વિદ્યાર્થીનું નામ ઉર્મીલાબહેન લખાયેલ છે. પરંતુ તેઓના અન્ય પુરાવાઓ જેવા કે આધાર કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ વિગેરેમાં અરજદારનુ નામ રેખાબેન લખાયેલ છે. અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા અન્ય પુરાવાઓમાં અરજદારના નામમા વિસંગતતા ઉપસ્થિત થયેલ હોય જેના પરિણામે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં નામમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. હાલમાં અરજદાર ટુંક સમયમાં વિદેશ જવાના હોય પરંતુ નામની વિસંગતતાના કારણે ઘણી બધી તકલીફો ઉપસ્થિત થાય તેમ હોય પરિણામે હાલની આ અરજી કરેલ છે તેમ જણાવી અરજીના પેરા–૧૦ માં નીચે મુજબની દાદ માંગલ છે.

**અ)** આ કામના સામાવાળા અમો અરજદારના સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમાં વિદ્યાર્થીના નામવાળી કોલમમાં ઉર્મીલાબહેન લખાયેલ છે તેના સ્થાને રેખાબેન મુજબનો સુધારો કરી આપે તે મુજબનો મહેરબાની રાહે હુકમ ફરમાવશોજી.

**બ)** આ અરજીની એકંદર હકીકતમાં અમો અરજદારના લાભમાં વિશેષ લાગે તેવી વધુ દાદ અપાવશોજી.

**(૨)** અરજદારની અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે સાહેદે સોગંદ ઉપર જુબાની રજુ રાખેલ છે.

**(૩)** આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| (૧) | ૦૬ | અરજદાર રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્નીની સોગંદ ઉપર સરતપાસ. |
| (૨) | ૧૫ | સાહેદ શાંતિલાલ ભગુભાઈ પટેલની સોગંદ ઉપર સરતપાસ. |
| (૩) | ૧૬ | સાહેદ મગનભાઈ ડાયાભાઈ પટેલની સોગંદ ઉપર સરતપાસ. |

## :: દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ. |
| (૨) | ૦૯ | અરજદારના આધારકાર્ડની ટ્રુ કોપીવાળી નકલ. |
| (૩) | ૧૦ | વોટીંગકાર્ડની ટ્રુ કોપીવાળી નકલ. |
| (૪) | ૧૧ | અરજદારના પાસપોર્ટની ટ્રુ કોપીવાળી નકલ. |

અરજદાર તરફે આંક–૧૭ થી પુરાવા બંધની પુરસીસ આપવામાં આવેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૧૨ | સાહેદ તુષારકુમાર જયેશકુમાર મહેતાની સોગંદ ઉપર સરતપાસ. |

## :: દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ. |

(૫) આ અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું અરજદાર આંક–૦૧ ની અરજીના પેરા નં.૧૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) હકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. (૧) :**

(૭) સદર કામે અરજદાર રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્નીનાએ આંક–૬ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, અરજદાર નામે રેખાબેન ભગુભાઈ તે નટવરભાઈ પટેલની પત્ની આ કામના સામાવાળાની શાળામાં ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ છે. જે અંગે શાળામાં જનરલ રજીસ્ટરમાં જી.આર.નં.૧૩૬૯, સી.નં.૧૯૪ થી નોંધણી કરવામાં આવેલ છે. શાળામાં દાખલ થયા તા.૧૨/૦૬/૧૦૬૭ તથા શાળા છોડયા તા.૩૧/૦૫/૧૯૭૨ સુધી અભ્યાસ કરેલ છે. અરજદાનું સાચુ અને ખરૂ નામ રેખાબેન છે તેમજ સમાજમાં રેખાબેન તરીકે જ ઓળખતા આવેલ છે તેમજ અરજદારના આધાર કાર્ડ, વોટીંગ કાર્ડ તથા પાસપોર્ટ વિગેરેમા રેખાબેન લખાયેલ છે. પરંતુ આ કામના સામાવાળાની શાળામાં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં ઉર્મિલાબેન લખાયેલ છે. અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા અન્ય પુરાવાઓમાં નામ અલગ અલગ હોવાના પરીણામે નામની વિસંગતતા હોવાથી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોય પરિણામે હાલની અરજી નામદાર કોર્ટ સમક્ષ કરેલી છે.

**(૭.૧)** સદર કામે અરજદાર તરફે સાહેદ શાંતિલાલ ભગુભાઈ પટેલનાએ આંક–૧૫ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર અમારા નજીકના સગા–સંબંધી થાય છે. તેમજ આ કામના અરજદાર પણ અમારા ઘરની નજીક જ રહેતા આવેલ છે અમો તેમને તથા તેમના વડીલોને ઘણાં વર્ષોથી ઓળખતા આવેલ છીએ. હાલની જુબાની અમોએ આ કામના અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં નામમાં સુધારો કરવા માટે કરેલી છે. જે અંગે અમોને સંપુર્ણપણે જાતમાહિતી છે. આ કામના અરજદારનું સાચું અને ખરું નામ રેખાબેન છે. તેમજ સમાજમાં પણ રેખાબેન તરીકે જ ઓળખતા આવેલ છે. તેમજ અરજદારના આધારકાર્ડ, વોટીંગકાર્ડ તથા પાસપોર્ટ વિગેરેમાં રેખાબેન લખાયેલ છે. પરંતુ આ કામના સામાવાળાની શાળામાં સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં ઉર્મિલાબેન લખાયેલ છે. આ કામના અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તથા અન્ય પુરાવામાં નામ અલગ અલગ હોવાના પરીણામે નામની વિસંગતતા હોવાથી સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોય પરીણામે હાલની અરજી આ કામના અરજદારે નામદાર કોર્ટ સમક્ષ કરેલી છે. આ કામના અરજદારે આપ નામદાર કોર્ટ સમક્ષ આંક–૧ ની જે અરજી કરેલ છે જેના પેરા ૧૦ મા માંગ્યા મુજબની દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૭.૨)** સદર કામે અરજદાર તરફે સાહેદ મગનભાઈ ડાયાભાઈ પટેલનાએ આંક–૧૬ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર અમારા નજીકના સગા–સંબંધી થાય છે. તેમજ આ કામના અરજદાર પણ અમારા ઘરની નજીક જ રહેતા આવેલ છે અમો તેમને તથા તેમના વડીલોને ઘણાં વર્ષોથી ઓળખતા આવેલ છીએ. હાલની જુબાની અમોએ આ કામના અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં નામમાં સુધારો કરવા માટે કરેલી છે. આ કામના અરજદારનું સાચું અને ખરું નામ રેખાબેન છે. તેમજ સમાજમાં પણ રેખાબેન તરીકે જ ઓળખતા આવેલ છે. તેમજ અરજદારના આધારકાર્ડ, વોટીંગકાર્ડ તથા પાસપોર્ટ વિગેરેમાં

રેખાબેન લખાયેલ છે. પરંતુ આ કામના સામાવાળાની શાળામાં સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં ઉર્મિલાબેન લખાયેલ છે. આ કામના અરજદારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તથા અન્ય પુરાવામાં નામ અલગ અલગ હોવાના પરીણામે નામની વિસંગતતા હોવાથી સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં સુધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોય પરીણામે હાલની અરજી આ કામના અરજદારે નામદાર કોર્ટ સમક્ષ કરેલી છે.

(૭.૩) સદર કામે સામાવાળા તરફે સાહેદ તુષારકુમાર જયેશકુમાર મહેતાનાએ આંક–૧૨ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, અમો આ કામના સામાવાળાની શાળામાં ૨૦૦૨ થી સી. કલાર્ક તરીકે સેવા આપે છે. મારી ફરજમાં શાળાના વહીવટી એવા તમામ પ્રકારના વહીવટી કામો આવે છે. આ કામના અરજદાર અમારી શાળામા દાખલ તા.૧૨/૦૬/૧૯૬૭ અને શાળા છોડયા તા. ૩૧/૫/૧૯૭૨ સુધી અભ્યાસ કરેલ છે. અમારી શાળાના જનરલ રજીસ્ટરમાં વિદ્યાર્થીના નામવાળી કોલમમાં પટેલ ઉર્મિલાબેન ભગુભાઈ લખાયેલ છે. તેમજ જન્મ તારીખવાળી કોલમમાં જ.તા.૨૫/૪/૧૦૫૨ લખાયેલ છે. તેમજ જાતિવાળી કોલમમા જાતી હિન્દુ કડવા પાટીદાર લખાયેલ છે. સાથે જ જનરલ રજીસ્ટરમાં આ કામના અરજદારનો જી.આર.નં. ૧૩૬૯ લખાયેલ છે. આ કામે અરજદારે જે સ્કુલ સર્ટીફીકેટ રજુ કરેલ છે તે અમારી શાળા તરફથી આપવામાં આવેલ છે. સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ પર ચકાસણી કરનાર વર્ગ શિક્ષકની તથા આચાર્યશ્રીની સહી છે. આ સહી જે તે સમય દરમ્યાન ફરજ ઉપર હાજર હતા તેમની સહી છે.

(૮) ઉપર મુજબ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના અરજદારની અરજીની હકીકત મુજબ અરજદારનુ સાચુ નામ રેખાબેન છે તેમજ આંક–૯ થી રજુ અરજદારના આધારકાર્ડની નકલમાં, આંક–૧૦ થી રજુ અરજદારના વોટીંગ કાર્ડની નકલમાં તથા આંક–૧૧ થી રજુ અરજદારના પાસપોર્ટની નકલમાં અરજદારનું નામ રેખાબેન

લખેલ હોવાનુ જણાય આવે છે. આમ અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ખોટા હોવાનુ માનવાને કોઈ કારણ રહેલ નથી.

(૯) આમ, સદર કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અરજદારના સ્કુલ લિવીંગ સર્ટીફીકેટમાં વિદ્યાર્થીના નામવાળી કોલમમાં ઉર્મીલાબહેન લખાયેલ છે તેના સ્થાને અરજદારે માંગેલ દાદ અનુસાર રેખાબેનના નામનો સુધારો કરવો યોગ્ય તેમજ ન્યાયોચીત જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(ર) ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ની કલમ-૧ર (એ), કલોઝ-૬ મુજબ આ કામના સામાવાળા પ્રિન્સીપાલશ્રી પી.કે. દેસાઈ વિદ્યાલય કીમ, સુરતનાઓને આદેશ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પટેલ રેખાબેન ભગુભાઈના સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમાં વિદ્યાર્થીના નામવાળી કોલમમાં ઉર્મીલાબહેન લખાયેલ છે તેના સ્થાને સાચુ અને ખરૂ નામ રેખાબેન લખી તે મુજબનો સુધારો કરી આપવો.

(૩) અરજદારને સુધારા મુજબનું નવુ સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ અંગેની જરૂરી યાદી સામાવાળાને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/ર૦ર૬.
સ્થળ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ-01290